पु॰ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VII

# GUJARATI

# SAMPLE BOOK

# Year- 2020-21



# ગુજરાતી

## ધોરણ 5

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)



Scanned with CamScanner

# 12. અપંગના ઓજસ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઓજસ | - | માણસના વિશેષ કે ખાસ ગુણ |
| 2) | નિષ્ક્રિય | - | ક્રિયા ન કરતુ હોય તેવું |
| 3) | નિર્ધાર | - | અગાઉથી ધારેલું |
| 4) | કેલિપર્સ | - | લકવાના દર્દીએ આધાર માટે પહેરવું પડતુ સાધન |
| 5) | પારંગત | - | હોશિયાર |
| 6) | વિક્રમ | - | કોઇ પણ સ્પર્ધાત્મક ક્ષેત્રમાં નોંધાયેલી મહત્તમ સિદ્ધિ |
| 7) | પુરુષાર્થ | - | મહેનત |

## સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) વોલ્ટરના શરીર પર લકવાની શી અસર થઇ ?

જ) લકવાને લીધે વોલ્ટરનાં હાથ પગ કામ કરતા બંધ થઇ ગયા.

2) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે શો અભિપ્રાય આપ્યો ?

જ) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે અભિપ્રાય આપતા કહ્યુ કે તે જાતે હાથ પગ હલાવી શક્શે નહિ, તેણે જિંદગીભર વ્હીલચેરની સહાય લેવી પડશે.

3) વોલ્ટરે એના પગને શું કહ્યુ ?

જ) વોલ્ટરે એના પગને કહ્યુ કે તમે મૂંઝાશો નહિ, ગભરાશો નહિ, સહેજે હિંમત હારશો નહિ, આજ ભલે તમે ચાલી શકતા ન હો, પણ એક દિવસ જરૂર ઊંચામાં ઊંચા કૂદકા લગાવી શકશો.

4)  માતાએ પુત્રને શી પ્રેરણા આપી ?

જ)  માતાએ પુત્રને પ્રેરણા આપતા કહ્યુ કે ‘ તું હિંમત નહિ હારે તો જે ધારીશ એ કરી શકીશ.

5)  ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે શો સંકલ્પ કર્યો ?

જ)  ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે સંકલ્પ કર્યો કે ‘ ભલે મારું શરીર આજે અપંગ હોય, પણ એક દિવસ એવો આવશે કે વિશ્વનો કોઇ ખેલાડી મારી બરાબરી કરી શકશે નહિ ’.

6)  ઓલિમ્પિક સ્પર્ધામાં વોલ્ટરને કઇ સિદ્ધિ મળી ?

જ)  ઓલિમ્પિક સ્પર્ધામાં વોલ્ટરને 2 મીટર અને 4 સેન્ટિમીટર ઊંચો કૂદકો લગાવીને નવો વિક્રમ સ્થાપ્યો.

<u>વ્યાકરણ</u>

**નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

1)  “ પગ સાથે ? પગ તે કંઇ સાંભળતા હશે ? “

જ)  આ વાક્ય  વોલ્ટરની માતા બોલે છે અને વોલ્ટરને કહે છે.

2)  “ જો તું હિંમત નહિ હારે તો જે ધારીશ એ કરી શકીશ”

જ)  આ વાક્ય  વોલ્ટરની માતા બોલે છે અને વોલ્ટરને કહે છે.

3)  “ અરે! હું વિશ્વવિક્રમ સ્થાપીશ”

જ)  આ વાક્ય  વોલ્ટર મનોમન બોલે છે.

નીચેનાના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મહેનત | = | પુરુષાર્થ | 2) | કૂદકો | = | છલાંગ |
| 3) | સ્પર્ધા | = | હરીફાઇ | 4) | શ્રદ્ધા | = | આસ્થા |
| 5) | દોસ્ત | = | મિત્ર | 6) | વિશ્વ | = | જગત |

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હાજર | X | ગેરહાજર | 2) | આશા | X | નિરાશા |
| 3) | પહેલો | X | છેલ્લો | 4) | જીત | X | હાર |
| 5) | સક્રિય | X | નિષ્ક્રિય | 6) | મૂંગા | X | બોલકા |

## નીચેના શબ્દોની જોડણી સુધારો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | જીંદગીભર | - | જિંદગીભર | 2) | શ્રધ્ધા | - | શ્રદ્ધા |
| 3) | હરિફાઇ | - | હરીફાઇ | 4) | સેન્ટીમીટરા | - | સેન્ટિમીટર |
| 5) | સિધ્ધાંત | - | સિદ્ધાંત | 6) | અદભૂત | - | અદભુત |

## નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

**1) સહેજ, સ્નાયુ, સ્પર્ધા, સક્રિય, સત્તા.**

**જ) સક્રિય, સત્તા, સહેજ, સ્નાયુ, સ્પર્ધા.**

# 14. ઊડે રે ગુલાલ

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઘેરૈયો | = | હોળી રમવા નીકળેલો, ઘેરૈયામાંનો માણસ |
| 2) | મરજાદા | = | સભ્યતા |
| 3) | લોપી | = | મૂકી |
| 4) | ચૂંદલડી | = | ચૂંદડી |
| 5) | ધોતલડી | = | ધોતિયું |
| 6) | લાગો | = | પોતાના હકની રકમ |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

**1)** કોની ટોળી આવી રહી છે ?
જ) ઘેરૈયાની ટોળી આવી રહી છે.

**2)** ટોળાએ મર્યાદા વટાવતાં શું કર્યું ?
જ) ટોળાએ મર્યાદા વટાવતાં, કાકાની ટોપી ઉછાળી.

**3)** ખજૂર, ધાણી, શ્રીફળ કોણ માગે છે ?
જ) ઘેરૈયા ખજૂર, ધાણી, શ્રીફળ કોણ માગે છે.

**4)** 'લાગો' એટલે શું ?
જ) 'લાગો' એટલે દાપું, પોતાના હકની રકમ.

**5)** નખરા છોડીને કવિ શું કરવાનું કહે છે ?
જ) નખરા છોડીને કવિ આનંદ માણવાનું કહે છે.

## પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ટોળી | - | હોળી | 2) | ટોપી | - | લોપી |
| 3) | ચૂંદલડી | - | ધોતલડી | 4) | લાવ્યા | - | ફાવ્યા |
| 5) | માગે | - | આગે | 5) | સરખા | - | નખરાં |

## વ્યાકરણ

નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) પિચકારી , ચૂંદડી , ખજૂર , ઉછાળવું , ધાણી , ઘેરૈયો .

જ) ઉછાળવું , ખજૂર , ઘેરૈયો, ચૂંદડી, ધાણી , પિચકારી .